==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ઇન્ડિયન બેંક્સ એસોસિએશન, બોમ્બે અને અન્ય

વિરુદ્ધ

મેસર્સ દેવકલા કન્સલ્ટન્સી સર્વિસ અને અન્ય.

૧૬ એપ્રિલ, ૨૦૦૪

[મુખ્ય ન્યાયમૂર્તિ વી.એન. ખરે અને ન્યાયમૂર્તિ એસ.બી. સિન્હા]

વ્યાજ વેરા અધિનિયમ, ૧૯૭૪ :

કલમો ૨(૫), ૨(૭), ૪, ૫ અને ૨૬સી – લોન અને ધીરાણ પર અનુસૂચિત બેંકો/ધિરાણ સંસ્થાઓ દ્વારા મેળવવામાં આવેલ વ્યાજની કુલ રકમ પર કર લાદવો – કલમ ૨૬સી લાગુ કરીને બેંકો દ્વારા ગ્રોસિંગ અપ કરવું અને વ્યાજના દરને ૦.૨૫% સુધી રાઉન્ડિંગ અપ કરવું – તેની કાયદેસરતા – ઠરાવ્યું: કલમ ૨૬સી ની રૂએ વ્યાજના દરમાં કરવામાં આવેલ વધારાને વૈધાનિક કરવેરા સાથે સીધો સંબંધ છે, જે નિશ્ચિત હોવો આવશ્યક છે – આથી, ધિરાણ

લેનાર પાસેથી કરવેરાની ઊંચી રકમ અને પરિણામે રાઉન્ડિંગ અપના માધ્યમથી વ્યાજની ઊંચી રકમ માટેની કથિત માંગ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને હુકુમત વગરની હતી – બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૩૫–એ – ભારતનું બંધારણ, ૧૯૫૦ – અનુચ્છેદ ૩૬૬(૨૮) સાથે વાંચતાં અનુચ્છેદ ૨૬૫ – કાયદાઓનું અર્થઘટન.

કલમ ૨૬સી – બેંકો દ્વારા વ્યાજના દરનું ગ્રોસિંગ અપ અને રાઉન્ડિંગ અપ કરવું – ધિરાણ લેનારાઓ મોટી રકમથી વંચિત થયા – બેંકોએ અયોગ્ય સંવર્ધન મેળવ્યું – ડી મિનિમિસનો સિદ્ધાંત – તેની પ્રયોજ્યતા – ઠરાવ્યું: જ્યારે અયોગ્ય સંવર્ધન થાય છે, ત્યારે સામ્યની દ્રષ્ટિએ કે અન્યથા ડી મિનિમિસનો સિદ્ધાંત લાગુ કરવો જોઈએ નહીં – સિદ્ધાંતો.

જાહેર હિતની અરજી :

અરજી દાખલ રાખવા માટેનો દાવાઅધિકાર (લોકસ સ્ટેન્ડાઇ) – તેનો નિયમ – ચર્ચા કરવામાં આવી – હકીકતો પર, બેંકો દ્વારા વ્યાજના દરનું ગ્રોસિંગ અપ અને રાઉન્ડિંગ અપ કરવામાં આવ્યું અને તે રીતે ધિરાણ લેનારાઓએ વ્યાજની ઊંચી રકમ ચૂકવવી પડી હતી – ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢી દ્વારા રિટ અરજી – તેનો દાવાઅધિકાર – ઠરાવ્યું: જાહેર હિતની અરજી દાખલ રાખવા માટે અરજદારનો દાવાઅધિકાર હતો – ભારતનું બંધારણ, ૧૯૫૦ – અનુચ્છેદ ૩૨ અને ૨૨૬.

અનુસૂચિત બેંકો/ધિરાણ સંસ્થાઓ દ્વારા લોન અને ધીરાણ પર

મેળવવામાં આવેલ વ્યાજની કુલ રકમ પર વ્યાજ વેરો લાદવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આર.બી.આઇ.) એ તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકોને નિર્દેશ આપ્યો હતો કે વ્યાજ વેરાનો બોજ પ્રમાણસર રીતે ધિરાણ લેનારાઓ પર નાખવામાં આવવો જોઈએ.

ત્યારબાદ, પ્રથમ અપીલકર્તા – ઇન્ડિયન બેંક્સ એસોસિએશને પ્રસ્તાવ મૂક્યો હતો કે વ્યાજના દરમાં ૩% વ્યાજ વેરો ઉમેરવામાં આવે અને તેને આગળના ઉચ્ચ ૦.૨૫% સુધી રાઉન્ડ અપ કરવામાં આવે અને આર.બી.આઇ. એ તેને મંજૂરી આપી હતી. ધિરાણ લેનારાઓના સંગઠનનું પ્રતિનિધિત્વ કરતી સામાવાળા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢીએ વ્યાજના દરના રાઉન્ડિંગ અપને પડકારતી જાહેર હિતની અરજી દાખલ કરી હતી, કારણ કે તેનાથી કરવેરાનું તત્વ વધી ગયું હતું, જેથી તે ગેરકાયદેસર અને હકુમત વગરનું હતું. હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે વ્યાજના દરને આગળના ઉચ્ચ ૦.૨૫% સુધી રાઉન્ડ અપ કરવો ગેરકાયદેસર છે અને આર.બી.આઇ. ને બેંકો દ્વારા વસૂલવામાં આવેલા વધારાના વ્યાજની ગણતરી કરવા અને તેને યુનિયન ઓફ ઇન્ડિયા પાસે જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. આથી આ હાલની અપીલો ઉપસ્થિત થઈ છે.

પ્રથમ અપીલકર્તા – ઇન્ડિયન બેંક્સ એસોસિએશન, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બેંક અને કેનેરા બેંકે અન્ય બાબતોની સાથે સાથે એવી દલીલ કરી હતી કે વ્યાજ વેરા અધિનિયમની કલમ ૨૬સી સાથે વાંચતાં તેની કલમો ૪ અને ૫ માં સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાને લેતાં, કલમ ૨૬સી ની રૂએ

લોન પર વધારવામાં આવેલા કુલ કરપાત્ર વ્યાજ પર વ્યાજ વેરો ચૂકવવાપાત્ર હોવાથી, ઘણી બધી મુશ્કેલીઓ ઊભી થઈ હતી; કરારબદ્ધ દરે વ્યાજ જાળવી રાખવાની ખાતરી કરવાના હેતુથી અનેક તબક્કામાં ગણતરી કરવી આવશ્યક હતી; ગણતરી એક અશક્ય અપૂર્ણાંકમાં પરિણમતી હોવાથી, વસૂલાતમાં સરળ ગણતરી ખાતર સુધારેલા દરનું રાઉન્ડિંગ અપ કરવું પડ્યું હતું; અપીલકર્તાઓએ કલમ ૨૬૫સી ની રૂએ વ્યાજ વસૂલ કર્યું હતું જે આર.બી.આઇ. દ્વારા અધિકૃત કરવામાં આવ્યું હતું; અપીલકર્તાઓએ માત્ર વ્યાજનો ઊંચો દર વસૂલ કર્યો હતો જેના માટે તેઓ લોન કરારો અનુસાર હકદાર હતા, કેમ કે આર.બી.આઇ. માત્ર લઘુત્તમ દર જ નક્કી કરે છે, તેથી બંધારણના અનુચ્છેદ ૨૬૫ના અર્થમાં કરવેરાની વસૂલાત સાથે તેને કોઈ સંબંધ ન હતો; અને વ્યાજના દરમાં થયેલો વધારો બહુ મહત્વનો ન હોવાથી, ડી મિનિમિસનો સિદ્ધાંત લાગુ પડે છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ એવી દલીલ કરી હતી કે બેંકો દ્વારા સામનો કરવામાં આવતી વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વ્યાજનું રાઉન્ડિંગ અપ કરવાની મંજૂરી આપવામાં આવી હતી પરંતુ તેને ૧૯૯૭ થી પાછી ખેંચી લેવામાં આવી છે; અને સમગ્ર ભારતમાં પાંચ કરોડ ધિરાણ લેનારાઓ છે તે હકીકતને ધ્યાનમાં રાખતાં, હાઇકોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરવું વ્યવહારુ ન હોઈ શકે.

યુનિયન ઓફ ઇન્ડિયાએ એવી દલીલ કરી હતી કે અપીલકર્તાઓએ સરકારને માત્ર કુલ વ્યાજ પર, એટલે કે તેમના દ્વારા વસૂલવામાં આવેલા રાઉન્ડ

ઓફ કર સહિતના વ્યાજ દર પર વ્યાજ વેરો ચૂકવ્યો ન હતો પરંતુ તેના અમુક ભાગો પણ પોતાની પાસે રાખી લીધા હતા; અને તે રકમ અંતિમ ધિરાણ લેનારાઓની હોવાથી, તે તેમને પરત કરવી જોઈએ અને જો તેમ કરવું વ્યવહારુ ન હોય, તો તે સરકારને ચૂકવી દેવી જોઈએ.

સામાવાળા નંબર ૧ એ એવી દલીલ કરી હતી કે અધિનિયમની કલમ ૨૬સી નું જો યોગ્ય રીતે વાંચન કરવામાં આવે, તો તેનો અર્થ માત્ર એટલો જ થાય કે અપીલકર્તા–બેંકો અધિનિયમ હેઠળ ધિરાણ લેનારાઓ પાસેથી કરવેરાની રકમ વસૂલ કરવા માટે સક્ષમ બને તે માટે સક્ષમકારી જોગવાઈઓ કરવામાં આવી હતી અને તેનાથી વિશેષ કંઈ નહીં.

અપીલો ફગાવી દેતાં, અદાલતે:

ઠરાવ્યું: ૧.૧. વ્યાજ વેરા અધિનિયમ, ૧૯૭૪ ની કલમ ૨૬સી બેંકરો કરપાત્ર વ્યાજ પર ચૂકવવા માટે જવાબદાર હતા તે કરવેરાની રકમ વસૂલ કરવા સક્ષમ બને તે માટે ઘડવામાં આવી હતી. કલમ ૨૬સી નો આશરો લેવાની કાર્યવાહી ત્યારે જ ઉપસ્થિત થાય જ્યારે કરપાત્ર વ્યાજની ગણતરી કરવામાં આવી હોય અને ત્યારબાદ જ સદરહુ અધિનિયમ હેઠળ કરવેરાનો બોજ વધારાના વ્યાજ સ્વરૂપે ધિરાણ લેનારાઓ પર નાખવાનો રહે છે. સ્વીકૃતપણે, લોન કરારની શરતો અનુસાર, અપીલકર્તાઓ સંમત થયેલા દર કરતાં વધુ ઊંચા દરે વ્યાજ વસૂલ કરવા માટે હકદાર ન હતા. અપીલકર્તાઓ એવા આધાર પર આગળ વધ્યા હતા કે અધિનિયમની કલમ ૨(૫) માં સમાવિષ્ટ 'કરપાત્ર વ્યાજ' ની

વ્યાખ્યાને ધ્યાને લેતાં, સદરહુ હેતુ માટે વધારાના વ્યાજની પણ ગણતરી કરવી પડશે અને તેના પર કરવેરાના દરની ગણતરી કરવી પડશે, જેના પરિણામે કરવેરાની ગણતરીના હેતુ માટે અનંતકાળ સુધી વ્યાજ ઉમેરાતું રહ્યું. અપીલકર્તાઓનો સમગ્ર અભિગમ એક ખોટી ધારણા પર આધારિત હતો. (૨૪૦–એ–સી–ડી)

૧.૨. કરવેરા કાયદાનું વાજબી રીતે અર્થઘટન કરવું જોઈએ. તેથી, વ્યાજ વેરા અધિનિયમ જે આશય અને ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માંગે છે તેને અમલી બનાવવા માટે તેનું હેતુલક્ષી અર્થઘટન થવું જોઈએ. અધિનિયમ હેઠળ યુનિયન ઓફ ઈન્ડિયા બેંકરો અથવા નાણાકીય સંસ્થાઓને વ્યાજ વધારવાનો નિર્દેશ આપી શકે નહીં કે મંજૂરી આપી શકે નહીં. (૨૪૧–ઈ)

૧.૩. વૈધાનિક કરવેરો નિશ્ચિત હોવો આવશ્યક છે. બંધારણના અનુચ્છેદ ૩૬૬(૨૮) સાથે વાંચતાં અનુચ્છેદ ૨૬૫ ને ધ્યાને લેતાં, કાયદા દ્વારા જેની પરવાનગી ન હોય તેવી કોઈ પણ બાબત કર તરીકે અથવા કરની વસૂલાત સ્વરૂપે કે તેના જેવી કોઈપણ કાર્યવાહી દ્વારા વસૂલ કરી શકાય નહીં. વધુમાં, કલમ ૨૬સી એક સક્ષમકારી જોગવાઈ હોવાથી, તેમાં વપરાયેલા 'કાયદેસર' શબ્દને ધ્યાને રાખીને તેનું તેવું અર્થઘટન કરવું પડશે. અધિનિયમની કલમ ૨૬સી ની રૂએ વ્યાજના દરમાં કરવામાં આવેલ વધારાને વૈધાનિક કરવેરા સાથે સીધો સંબંધ છે. તેથી, અપીલકર્તાઓ દ્વારા વ્યાજનું રાઉન્ડિંગ અપ કરવાની કાર્યવાહી સંપૂર્ણપણે અયોગ્ય હતી. એકવાર એવું ઠરાવવામાં આવે કે વાજબી

રીતે વ્યાજમાં વધારો કરવો એ કરવેરાનો બોજ પસાર કરવા સાથે સંબંધિત છે, ત્યારે બેંક દ્વારા તેની કરારબદ્ધ સત્તાનો ઉપયોગ કરીને તે કરવામાં આવ્યું હતું તેવી દલીલ ફગાવી દેવી જ જોઈએ. કારોબારી કર લાદી શકતી નથી. તે કાયદાના અર્થઘટનની પ્રક્રિયાનો આશરો પણ લઈ શકતી નથી. (૨૪૦–એચ; ૨૪૧–એ–બી; ડી–ઈ)

મોહન કુમાર સિંઘાનિયા અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, એઆઈઆર

(૧૯૯૨) એસસી ૧; મુરલીધર મેઘરાજ લોયા વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૧૯૭૬) ૩ એસસીસી ૬૮૪; સુપરિન્ટેન્ડેન્ટ એન્ડ રિમેમ્બ્રાસર ઓફ લીગલ અફેર્સ ટુ ગવર્નમેન્ટ ઓફ વેસ્ટ બંગાળ વિરુદ્ધ અબની મૈતી, [૧૯૭૯] ૪ એસસીસી ૮૫; ખેત સિંહ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, [૨૦૦૨] ૪ એસસીસી ૩૮૦; હાઈકોર્ટ ઓફ ગુજરાત અને અન્ય વિરુદ્ધ ગુજરાત કિસાન મજદૂર પંચાયત અને અન્ય, જેટી (૨૦૦૩) ૩ એસસી ૫૦; ઈન્ડિયન હેન્ડીક્રાફ્ટ્સ એમ્પોરિયમ અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, જેટી (૨૦૦૩) ૭ એસસી ૪૪૬; અશોક લેલેન્ડ લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી.એન. અને અન્ય, [૨૦૦૪] ૩ એસસીસી ૧; હાઈકોર્ટ ઓફ ગુજરાત અને અન્ય વિરુદ્ધ ગુજરાત કિસાન મજદૂર પંચાયત અને અન્ય, જેટી (૨૦૦૩) ૩ એસસી ૫૦; કમિશનર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ, લખનૌ, યુ.પી. વિરુદ્ધ મેસર્સ છાતા શુગર કંપની લિમિટેડ, (૨૦૦૪) ૩ સ્કેલ ૬ અને મથુરામ અગ્રવાલ

વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ, [૧૯૯૯] ૮ એસસીસી ૬૬૭, નો ઉલ્લેખ કરવામાં આવ્યો;

બીબીસી એન્ટરપ્રાઇઝિસ વિરુદ્ધ હાઇ–ટેક એક્સ્ટ્રાવિઝન લિમિટેડ, (૧૯૯૦) (૨) ઓલ ઇ.આર. ૧૧૮, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

૧.૪. કરવેરાની રકમની ગણતરી તે સમયે પ્રવર્તમાન વ્યાજના કરારબદ્ધ દરને ધ્યાને રાખીને થવી જોઈએ અને કરવેરા તરીકે કે અન્યથા કથિત વ્યાજ ઉમેરીને થવી જોઈએ નહીં. એકવાર જ્યારે કલમ ૨૬સી નું અર્થપૂર્ણ રીતે વાંચન કરવામાં આવે, ત્યારે અધિનિયમની કલમ ૪ ની પેટા–કલમ (૨) અને કલમો ૫ તથા ૬ ને અમલમાં મૂકવામાં કોઈ મુશ્કેલી ઊભી થતી નથી. અપીલકર્તાઓ એવી રજૂઆત કરી શકે નહીં કે તેઓએ માત્ર વ્યાજના ઊંચા દરનો દાવો કરવાની સત્તાનો ઉપયોગ કર્યો હતો. કરાર હેઠળ તેમની પાસે વ્યાજના ઊંચા દરનો દાવો કરવાની સત્તા હોઈ શકે છે પરંતુ તેઓએ સદરહુ હકુમતનો ઉપયોગ કર્યો ન હતો. તેઓએ અધિનિયમની કલમ ૨૬સી માં સમાવિષ્ટ સક્ષમકારી જોગવાઈઓનો આશરો લીધો હતો અને/અથવા ધિરાણ લેનારાઓ પર કરવેરાનો બોજ તબદીલ કરવા માટે વ્યાજનો દર વધાર્યો હતો. કાયદા હેઠળ પોતાની હકુમતનો કથિત ઉપયોગ કરતી વખતે તેઓએ તેની શરતો અનુસાર કામ કરવું જરૂરી હતું અને તેનાથી પ્રતિકૂળ જઈને નહીં. તે સુસ્થાપિત છે કે જ્યારે કોઈ કાર્યપદ્ધતિ નિર્ધારિત કરવામાં આવી હોય ત્યારે વૈધાનિક સત્તામંડળે તેની સત્તાનો ઉપયોગ નિર્ધારિત રીતે જ કરવો જોઈએ અથવા બિલકુલ કરવો જોઈએ નહીં. જે બાબત તેઓ પ્રત્યક્ષ

રીતે કરી શકતા ન હતા, તે જ ઉદ્દેશ્ય અપીલકર્તાઓએ પરોક્ષ રીતે સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેથી, કલમ ૨૬સી ખોટી રીતે લાગુ કરવામાં આવી હોવાનું ઠરાવવું જ જોઈએ અને પરિણામે અપીલકર્તાઓ દ્વારા વ્યાજના દરનું ગ્રોસિંગ અપ અને રાઉન્ડિંગ અપ કરવાની કાર્યવાહી ગેરકાયદેસર છે. [૨૪૨–ઈ–એચ; ૨૪૩–એ–બી]

૨.૧. બેંકિંગ નિયમન અધિનિયમની કલમ ૩૫–એ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને કલમ ૩૫–એ હેઠળ નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં નિર્દેશો જારી કરવાની સત્તા આપે છે અને અન્ય કોઈ હેતુ માટે નહીં. અપીલકર્તાઓની એવી રજૂઆત કે આર.બી.આઇ. દ્વારા જારી કરાયેલા નિર્દેશોના અનુસંધાનમાં તેઓ દ્વારા વ્યાજના દરમાં વધારો કરવામાં આવ્યો હતો, તે સ્વ–વિરોધાભાસી ઠરાવવી જ જોઈએ, કેમ કે તેમના પોતાના જણાવ્યા અનુસાર આર.બી.આઇ. માત્ર લઘુત્તમ વ્યાજ દર જ નક્કી કરે છે અને દરેક વ્યક્તિગત ધિરાણ લેનારના કિસ્સામાં તેનું નિર્ધારણ સંબંધિત બેંક પર છોડે છે (સંબંધિત બેંક પર છોડે છે. જો વ્યાજના દરમાં વધારો કરવા સંબંધિત બાબત અપીલકર્તાઓની સત્તામાં જ હતી, તો આર.બી.આઇ. સમક્ષ જવાનું કોઈ કારણ ન હતું. (૨૪૬–ડી–એફ)

૨.૨. અપીલકર્તાઓ વ્યાજની ઊંચી રકમ મેળવવાના હેતુથી અથવા અન્યથા સ્વતઃપ્રેરણાથી વ્યાજના રાઉન્ડિંગ અપનો આશરો લઈ શક્યા ન હોત. અપીલકર્તાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી કથિત વ્યવહારિક મુશ્કેલી સ્વયં–નિર્મિત છે. આ આધુનિક ઇલેક્ટ્રોનિક્સ યુગમાં, કરવેરાની ચોક્કસ રકમની

ગણતરી કરતી વખતે આ મુશ્કેલી શા માટે પડે તે સમજી શકાતું નથી. વધુમાં, જો આવી વ્યવહારિક મુશ્કેલી અસ્તિત્વમાં હતી, તો આર.બી.આઇ. એ ૧૯૯૭ થી આવી મંજૂરી આપવાનો ઇનકાર શા માટે કર્યો તેનું કોઈ દેખીતું કારણ ન હતું. આર.બી.આઇ. ના નિર્દેશો સદરહુ અધિનિયમ હેઠળ કારોબારી અર્થઘટન સમાન પણ નથી. તે બેંકો પર બંધનકર્તા ન હતા, ધિરાણ લેનારાઓ પર તો બિલકુલ નહીં. કોઈપણ સંજોગોમાં, કાયદાના અસ્થાને અને અયોગ્ય અર્થઘટનને કારણે ત્રીજા પક્ષકારને નુકસાન થઈ શકે નહીં. [૨૪૬–એફ–જી–એચ; ૨૪૭–એ]

૨.૩. બંધારણના અનુચ્છેદ ૩૬૬(૨૮) સાથે વાંચતાં અનુચ્છેદ ૨૬૫ માં સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાને લેતાં, કરવેરાની ઊંચી રકમ માટે અને પરિણામે રાઉન્ડિંગ અપના માધ્યમથી વ્યાજની ઊંચી રકમ માટે ધિરાણ લેનાર પાસેથી કરવામાં આવેલી કથિત માંગ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને હકુમત વગરની હતી. આર.બી.આઇ. વ્યાજ વેરા અધિનિયમની જોગવાઈઓનું અર્થઘટન કરી શકી ન હોત કે તેના દ્વારા વ્યાજના રાઉન્ડિંગ અપની પ્રક્રિયા વડે ધિરાણ લેનારાઓ પાસેથી કંઈક વધુ વસૂલ કરવા માટે બેંકોને સત્તા આપી શકી ન હોત. બેંકિંગ નિયમન અધિનિયમના સંદર્ભમાં પોતાની કરારબદ્ધ સત્તાઓના ઉપયોગના બહાને અપીલકર્તાઓ અને આર.બી.આઇ. એ સંસદીય અધિનિયમ હેઠળ તેમના પર લાદવામાં આવેલો કર વ્યાજના માધ્યમથી વસૂલ કરવામાં પોતાની હકુમત ઓળંગી હતી.

ધન્યલક્ષ્મી રાઇસ મિલ્સ અને અન્ય વગેરે વગેરે વિરુદ્ધ ધ કમિશનર ઓફ

સિવિલ સપ્લાયઝ અને અન્ય વગેરે વગેરે, (૧૯૭૬) ૪ એસસીસી ૭૨૩ અને બી.ઓ.આઇ. ફાઇનાન્સ લિમિટેડ વિરુદ્ધ કસ્ટોડિયન અને અન્ય, (૧૯૯૭) ૧૦ એસસીસી ૪૮૮, નો તફાવત દર્શાવવામાં આવ્યો.

એબીઆઇ ઇન્ટરનેશનલ લિમિટેડ અને અન્ય વિરુદ્ધ એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, જેટી (૨૦૦૩) ૧૦ એસસીસી ૩૦૦ અને સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા વિરુદ્ધ રવિન્દ્ર અને અન્ય, (૨૦૦૨) ૧ એસસીસી ૩૬૭, નો ઉલ્લેખ કરવામાં આવ્યો. ૩. પ્રસ્તુત કેસમાં, માત્ર જાહેર હિતની અરજી જ દાખલ કરવામાં આવી ન હતી પરંતુ ધિરાણ લેનારાઓના સંગઠન દ્વારા વિશેષ પરવાનગી અરજી (એસ.એલ.પી.) પણ દાખલ કરવામાં આવી હતી. અપીલકર્તા બેંકો માટે ધિરાણ લેનારાઓ પાસેથી એકત્રિત કરવામાં આવેલી રકમ કદાચ નજીવી હોઈ શકે છે પરંતુ પાંચ કરોડ ધિરાણ લેનારાઓ પાસેથી તેઓએ વસૂલ કરેલી રકમ નાની નથી. અપીલકર્તાઓ દ્વારા સ્વયં–નિર્મિત ગૂંચવણ, કાયદાના અમલ અંગેની ગેરસમજ તેમજ તેના અયોગ્ય પ્રયોગ અને ખોટા અર્થઘટનના કારણે એક ગેરકાયદેસર કાર્યવાહી થઈ જેના પરિણામે ધિરાણ લેનારાઓને એક વિશાળ રકમથી વંચિત કરવામાં આવ્યા હતા. પરિણામે, યુનિયન ઓફ ઇન્ડિયા અને અપીલકર્તાઓએ અયોગ્ય સંવર્ધન મેળવ્યું છે. જ્યારે આવું અયોગ્ય સંવર્ધન થાય છે, ત્યારે સામ્યની દ્રષ્ટિએ કે અન્યથા ડી મિનિમિસનો સિદ્ધાંત લાગુ કરવો જોઈએ નહીં. [૨૪૩–ડી–એફ]

બ્લેક્સ લો ડિક્શનરી, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

૪.૧. જાહેર હિતની અરજી હાથ પર લેતી વખતે, આ અદાલત બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળની પોતાની હકુમતનો ઉપયોગ કરીને અને હાઇકોર્ટો તેના અનુચ્છેદ ૨૨૬ હેઠળ, વિવાદના વિષયવસ્તુનું જ્ઞાન ધરાવતી અને આમ કોઈ બિનજરૂરી દખલગીરી કરનાર વ્યક્તિથી વિપરીત લોકોના કલ્યાણમાં હિત ધરાવતી વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ધ્યાને લેવા માટે હકદાર છે. કોઈપણ વૈધાનિક કે બંધારણીય અધિકારના ઉલ્લંઘનના માધ્યમથી લોકોના કોઈ વર્ગને થયેલી કાનૂની ઈજા અથવા કાનૂની અન્યાય સામે ન્યાય મેળવવા માટે ભારતના નાગરિકને અદાલતોનો સંપર્ક કરવા સક્ષમ બનાવવાના હેતુથી અદાલતો દ્વારા આવા પ્રયોજનો માટે દાવાઅધિકારના નિયમમાં છૂટછાટ આપવામાં આવી છે. (૨૪૪–એ–બી)

૪.૨. જ્યાં દાવાઅધિકારના અભાવના કારણસર અથવા અન્યથા રિટ અરજી સુનાવણી યોગ્ય ન હોવાનું ઠરાવવામાં આવ્યું હોય, ત્યાં પણ અદાલતે વ્યાપક લોકહિતમાં રિટ અરજીની સુનાવણી કરી છે. વળી, ખાનગી હિતના કેસને પણ જાહેર હિતના કેસ તરીકે ગણી શકાય છે. [૨૪૫–ઈ–જી]

૪.૩. પ્રસ્તુત કેસમાં, હાઇકોર્ટ સમક્ષના રિટ અરજદાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની એક પેઢી હતી. નામાપદ્ધતિ અને ઓડિટિંગમાં નિષ્ણાત તરીકે, તેની સામે એવા અનેક કિસ્સાઓ આવ્યા જ હશે જ્યાં તેના અસીલે પોતાના કોઈ વાંક વગર અપીલકર્તાઓ તેમજ આર.બી.આઇ. ની કાર્યવાહીના પરિણામે બેંકોને વ્યાજની ઊંચી રકમ ચૂકવવી પડી હતી. તેમની પાસેથી કાયદાની કોઈપણ સત્તા

વગર તે વસૂલ કરવામાં આવી હતી. તેથી, એવું કહી શકાય નહીં કે જાહેર હિતની અરજી ચલાવવા માટે સામાવાળા પાસે કોઈ દાવાઅધિકાર ન હતો અથવા હાઈકોર્ટ સમક્ષ તેમના દ્વારા જનહિતાર્થે દાખલ કરવામાં આવેલી રિટ અરજી ટકવાપાત્ર ન હતી. [૨૪૫–જી–એચ]

ગુરુવાયુર દેવસ્વમ મેનેજિંગ કમિટી અને અન્ય વિરુદ્ધ સી.કે. રાજન અને અન્ય, જેટી (૨૦૦૩) ૭ એસસી ૩૧૨, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

શિવાજીરાવ નિલંગેકર પાટીલ વિરુદ્ધ મહેશ માધવ ગોસાવી, એઆઈઆર (૧૯૮૭) એસસી ૨૯૪, પર આધાર રાખવામાં આવ્યો.

૫. પાંચ કરોડથી વધુ ધિરાણ લેનારાઓ સંકળાયેલા છે. યુનિયન ઓફ ઈન્ડિયા તેમજ મોટી સંખ્યામાં રહેલી બેંકો પાસેથી એક વિશાળ રકમ વસૂલ કરવાની થાય છે. આવી વસૂલાત પર અસરકારક રીતે દેખરેખ રાખવી અદાલત માટે મુશ્કેલ હોવાથી, યુનિયન ઓફ ઈન્ડિયા, અપીલકર્તાઓ અને અન્ય સંબંધિત બેંકો પાસે રહેલી રકમમાંથી વંચિત લોકોના લાભાર્થે એક ભંડોળ ઊભું કરવું જોઈએ, જેનું સંચાલન ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક દ્વારા કરવામાં આવી શકે છે. આ રીતે ઊભી કરવામાં આવેલી મૂળ રકમ એવી રીતે રોકાણ કરી શકાય જેથી ટ્રસ્ટીઓ દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું સંરક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ ની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે તેનો ઉપયોગ કરી શકે. (૨૪૯–એફ–એચ; ૨૫૦–એ–બી)

નેશનલ ફેડરેશન ફોર ધ બ્લાઇન્ડ વિરુદ્ધ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, [૧૯૯૩] ૨ એસસીસી ૪૧૧; જાવેદ આબિદી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૯૯) ૧ એસસીસી ૪૬૭ અને કુણાલ સિંહ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા, (૨૦૦૩) ૪ એસસીસી ૫૨૪, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

દીવાની અપીલ અધિકારક્ષેત્ર :દીવાની અપીલ નંબર ૪૬૫૫/૨૦૦૦.

કર્ણાટક હાઇકોર્ટના ડબલ્યુ.પી. નંબર ૩૯૨૭/ ૧૯૯૪ માં તારીખ ૧૮.૧૨.૯૮ ના ચુકાદા અને હુકમ સામે. સાથે સી.એ. નંબર ૫૨૧૮/૨૦૦૦.

અલતાફ અહેમદ, એલ. નાગેશ્વર રાવ, એડિશનલ સોલિસિટર જનરલ્સ, દુષ્યંત એ. દવે, પી. ચિદમ્બરમ, ગોપાલ સુબ્રમણ્યમ, કે. એન. ભટ, ટી. એલ. ... વિશ્વનાથ અય્યર, (એમિકસ ક્યુરી), સુશ્રી અર્પિતા મહાજન, સુશ્રી નીના ગુપ્તા, સુખજીન્દરસિંહ, અનિશ વર્મા, સુશ્રી પૂનમ દાસ, સુશ્રી બીના ગુપ્તા, પી. આર. રામશેષ, એચ. એસ. પરિહાર, કુલદીપ પરિહાર, સુશ્રી વી. મોહના, નિખિલ સખરદાંડે, સુશ્રી સુષ્મા સુરી અને બી. વી. બલરામ દાસ ઉપસ્થિત રહેલા પક્ષકારો તરફથી.

કોર્ટનો ચુકાદો નીચે મુજબ આપવામાં આવેલ :

ન્યાયમૂર્તિ એસ. બી. સિન્હા: કર્ણાટક હાઇકોર્ટ દ્વારા રિટ પિટિશન નં. ૩૯૨૭/૧૯૯૪ માં પસાર કરાયેલા તારીખ ૧૮.૧૨.૧૯૯૪ ના ચુકાદા અને હુકમમાંથી ઉદ્ભવતી આ અપીલોમાં, હાલના વ્યાજ દરોને ૦.૨૫% સુધી રાઉન્ડ

અપ કરવાની બેંકરોની સત્તા પ્રશ્નાસ્પદ છે. સંબંધિત અપીલમાં પક્ષકાર તરીકે સામેલ થયા બાદ એસોસિએશન ઓફ બોરોઅર્સ ઓફ કર્ણાટક દ્વારા સિવિલ અપીલ નં. ૫૨૧૮/૨૦૦૦ દાખલ કરવામાં આવી છે.

અહીં અપીલકર્તા નં. ૧ બેંકર્સનું એક સંગઠન છે. અપીલકર્તા નં. ૨ થી ૨૮ એવી બેંકો છે જે સંસદના સંબંધિત અધિનિયમો હેઠળ રચવામાં આવી હતી અથવા બેંકિંગ કંપનીઓ (ઉપક્રમોનું સંપાદન અને હસ્તાંતરણ) અધિનિયમ, ૧૯૭૦ અને બેંકિંગ કંપનીઓ (ઉપક્રમોનું સંપાદન અને હસ્તાંતરણ) અધિનિયમ, ૧૯૮૦ ની જોગવાઈઓ અનુસાર રાષ્ટ્રીયકૃત કરવામાં આવી હતી.

હકીકતલક્ષી પૃષ્ઠભૂમિ:

લોન અને ધિરાણ પર અનુસૂચિત બેંકો/ધિરાણ સંસ્થાઓ દ્વારા મેળવવામાં આવેલી વ્યાજની કુલ રકમ પર કર લાદવાના ઉદ્દેશ્ય સાથે સંસદ દ્વારા તારીખ ૦૧.૦૮.૧૯૭૪ થી વ્યાજ વેરા અધિનિયમ ઘડવામાં આવ્યો હતો. જોકે, વર્ષ ૧૯૭૮ માં તેને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો, પરંતુ વર્ષ ૧૯૮૦ માં તેને ફરીથી દાખલ કરવામાં આવ્યો હતો; જે બાદ વર્ષ ૧૯૮૫ માં તેને ફરીથી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. જોકે, સદર કર તે તારીખથી પુનઃ દાખલ કરવામાં આવ્યો હતો એટલે કે, નાણાકીય અધિનિયમ, ૧૯૯૧ ના આધારે તારીખ ૦૧.૧૦.૧૯૯૧ થી. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ તેના તારીખ ૦૨.૦૯.૧૯૯૧ ના પરિપત્ર પત્ર દ્વારા તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકોને સલાહ આપી હતી કે વ્યાજ વેરાનો બોજ પ્રમાણસર રીતે ધિરાણ લેનારાઓ પર

તબદીલ કરવો જોઈએ, જેના માટે અહીંના પ્રથમ અપીલકર્તા સાથે પરામર્શ કરીને સમાન પ્રથા અપનાવવી જોઈએ.

પ્રથમ અપીલકર્તાએ સદર પરિપત્ર અનુસાર અથવા તેને આગળ ધપાવવા માટે કામ કરવાનો દાવો કરતાં તેમજ સંબંધિત બેંકો દ્વારા ધિરાણ લેનારાઓ પર તબદીલ કરવામાં આવેલા ચૂકવવાપાત્ર વ્યાજ વેરાને સમાવિષ્ટ કર્યા પછી આકારણીપાત્ર એકસમાન વ્યાજ દરનું માળખું ઘડવાના ઉદ્દેશથી, તેમને સલાહ આપી હતી કે વ્યાજના દરમાં ૩% વ્યાજ વેરો ઉમેરવામાં આવે અને તેને આગળના ઉચ્ચતર ૦.૨૫% સુધી રાઉન્ડ અપ કરવામાં આવે. કરના બોજની ગણતરીમાં સામેલ ગ્રોસિંગ અપને કારણે આવું રાઉન્ડિંગ અપ કથિત રીતે જરૂરી હોવાનું જણાયું હતું અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ તેના તારીખ ૨૨.૦૪.૧૯૯૩ ના પત્ર દ્વારા પ્રથમ અપીલકર્તાના પ્રસ્તાવને કથિત રીતે તેની મંજૂરી આપી હતી. અહીંના અન્ય અપીલકર્તાઓએ સદર કથિત નીતિનું પાલન કર્યું હતું.

અહીંના અપીલકર્તાઓ તરફની ઉપરોક્ત કાર્યવાહીને સામાવાળાઓ દ્વારા કર્ણાટક હાઇકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં અન્ય બાબતો સાથે એવા આધારે પડકારવામાં આવી હતી કે આવું કથિત રાઉન્ડિંગ અપ ગેરકાયદેસર અને હકુમત વગરનું છે, કારણ કે તેના લીધે કરવેરાનું તત્વ વધી ગયું હતું અને તેના પરિણામે બેંકોએ તેના આધારે રાઉન્ડિંગ અપનો આશરો લઈને વાર્ષિક રૂ. ૭૨૩.૭૯ કરોડની વધારાની રકમ એકત્રિત કરી હતી.

હાઇકોર્ટનો ચુકાદો:

અહીંના અપીલકર્તાઓએ અન્ય બાબતો સાથે એવી દલીલ કરી હતી કે વ્યાજનું આવું રાઉન્ડિંગ અપ વ્યાજના દરમાં વધારાના ભાગરૂપે કરવામાં આવ્યું હતું જે સ્વીકાર્ય છે. અપીલકર્તાઓએ એવી દલીલ કરી હતી કે આવી બાબત કરાર આધારિત સ્વરૂપની હોવાથી આ રિટ અરજી ચલાવવાપાત્ર નહોતી.

કર્ણાટક હાઇકોર્ટે તેના તારીખ ૧૮.૧૨.૧૯૯૮ ના વાદગ્રસ્ત ચુકાદા દ્વારા સદર દલીલને ફગાવી દીધી હતી અને અહીંના અપીલકર્તાઓ તરફની કાર્યવાહીને ગેરકાયદેસર ઠરાવી હતી અને પરિણામે નીચે મુજબના નિર્દેશો જારી કર્યા હતા:

" ... રિટ અરજી મંજૂર કરવામાં આવે છે. જારી કરવામાં આવેલ રૂલ આખરી કરવામાં આવે છે. સામાવાળા–બેંકો દ્વારા વ્યાજ દરોને તેના પછીના ઉચ્ચતર ૦.૨૫% સુધી રાઉન્ડ અપ કરવાની કાર્યવાહીને ગેરકાયદેસર, મનસ્વી અને બિનટકાઉ ઠરાવવામાં આવે છે. તમામ બેંકોને તેઓ દ્વારા ધિરાણ લેનારાઓ પાસેથી વસૂલ કરવામાં આવેલા વધારાના વ્યાજનો હિસાબ રજૂ કરવાનો અને તેને ભારત સરકારના ખાતામાં જમા કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસે જમા કરાવવાનો આદેશ જારી કરવામાં આવે છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા–સામાવાળા નં. ૨ ને બેંકો દ્વારા વસૂલ કરાયેલા વધારાના વ્યાજની ગણતરી કરીને અને તે રકમ ભારત સરકારના ભંડોળમાં જમા થાય તેની ખાતરી કરીને અમારા નિર્દેશોના અમલીકરણ માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવે છે."

અહીંના અપીલકર્તાઓ સદર ચુકાદાને પડકારતા અમારી સમક્ષ ઉપસ્થિત થયા છે.

રજૂઆતો:

પ્રથમ અપીલકર્તા વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી દુષ્યંત એ. દવે, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી પી. ચિદમ્બરમ, પંજાબ નેશનલ બેંક વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી ગોપાલ સુબ્રમણ્યમ અને કેનેરા બેંક વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી અલતાફ અહેમદે એવી રજૂઆત કરી હતી કે:

(એ) વ્યાજ વેરા અધિનિયમની કલમ ૨૬સી સાથે વંચાતી કલમો ૪ અને ૫ ની જોગવાઈઓને ધ્યાને લેતા, કલમ ૨૬સી ની શરતો મુજબ તેમજ અન્ય મુદ્દતી લોનની કરાર આધારિત જોગવાઈઓ મુજબ લોન પર વધારવામાં આવેલા કુલ કરપાત્ર વ્યાજ પર વ્યાજ વેરો ચૂકવવાપાત્ર હોવાથી, તેના માટેની ગણતરીઓ કેટલાક તબક્કામાં કરવાની રહેતી હોવાને કારણે ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ હતી.

તે સંબંધમાં એક ઉદાહરણ અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે:

તબક્કો ૧: * વ્યાજ વેરા બાદ રૂ. ૧૦ જાળવી રાખવાના પ્રયાસરૂપે

મેળવવાપાત્ર કર સહિત વ્યાજ =૧૦.૩૦

* રૂ. ૧૦.૩૦ પર ચૂકવવાપાત્ર વ્યાજ વેરો (કારણ કે વસૂલ કરવામાં આવેલી સમગ્ર રકમ વ્યાજ વેરા માટે આકારણીપાત્ર છે)= ૦.૩૦૯

તબક્કો ૨: * વ્યાજ વેરા બાદ રૂ. ૧૦ જાળવી રાખવાના પ્રયાસરૂપે મેળવવાપાત્ર કર સહિત વ્યાજ =૧૦.૩૦૯

* રૂ. ૧૦.૩૦૯ પર ચૂકવવાપાત્ર વ્યાજ વેરો (કારણ કે વસૂલ કરવામાં આવેલી સમગ્ર રકમ વ્યાજ વેરા માટે આકારણીપાત્ર છે) =૦.૩૦૪૨૭

તબક્કો ૩: * વ્યાજ વેરા બાદ રૂ. ૧૦ જાળવી રાખવાના પ્રયાસરૂપે મેળવવાપાત્ર કર સહિત વ્યાજ =૧૦.૩૦૪૨૭

* આ રકમ પર ચૂકવવાપાત્ર વ્યાજ વેરો રૂ. ૧૦.૩૦૪૨૭ (કારણ કે વસૂલ કરવામાં આવેલી સમગ્ર રકમ વ્યાજ વેરા માટે આકારણીપાત્ર છે) =૦.૩૦૯૨૭૮૧

તબક્કો ૪: * વ્યાજ વેરા બાદ રૂ. ૧૦ જાળવી રાખવાના પ્રયાસરૂપે મેળવવાપાત્ર કર સહિત વ્યાજ.= ૧૦.૩૦૯૨૭૮૧

* રૂ. ૧૦.૩૦૯૨૭૮૧ પર ચૂકવવાપાત્ર વ્યાજ વેરો =૦.૩૦૯૨૭૮૩૪૩ (કારણ કે વસૂલ કરવામાં આવેલી સમગ્ર રકમ વ્યાજ વેરા માટે આકારણીપાત્ર છે)

તબક્કો ૫: * વ્યાજ વેરા પછીની રકમ જાળવી રાખવાના પ્રયાસરૂપે મેળવવાનું કર સહિત વ્યાજ =૧૦.૩૦૯૨૭૮૩૪૨, ૩. ૧૦ વ્યાજ વેરા બાદ..

* ૩. ૧૦.૩૦૯૨૭૮૩૪૩ પર ચૂકવવાપાત્ર વ્યાજ વેરો= ૦.૩૦૯૨૭૮૩૫૦૨૬ (કારણ કે વસૂલ કરવામાં આવેલી સમગ્ર રકમ વ્યાજ વેરા માટે આકારણીપાત્ર છે)

(બી) કરાર આધારિત દરે વ્યાજની જાળવણી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી આવી કાર્યવાહી જરૂરી હતી;

(સી) તબક્કા ૫ પર અથવા તે પછી; જો બેંકો વ્યાજના દરમાં માત્ર બરાબર 3% નો વધારો કરે, તો વ્યાજ વેરો લાદવામાં આવ્યો તે પહેલાં બેંકો દ્વારા મેળવવામાં આવતી કર પછીના વ્યાજની રકમ પૂરતી ન હોવાથી, તેમણે ૧૦% ના દરે કર પૂર્વેનું વ્યાજ મેળવવાનું ચાલુ રાખવા માટે અનિવાર્યપણે વ્યાજના દરમાં ૦.૩૦૯૨૭૮૩૫૦૨૬ નો વધારો કરવો પડે તેમ હોવાથી, વાદગ્રસ્ત નિર્ણય લેવામાં આવ્યો હતો;

(ડી) આ ગણતરી અશક્ય અપૂર્ણાંકમાં પરિણમતી હોવાથી, વસૂલાતમાં ગણતરીની સરળતા ખાતર સુધારેલા દરને રાઉન્ડ અપ કરવો પડ્યો હતો; (ઈ) તેથી, અપીલકર્તાઓએ અધિનિયમની જોગવાઈઓથી વિપરીત કોઈ કર વસૂલ કર્યો નહોતો, પરંતુ કલમ ૨૬સી ની શરતો અનુસાર વ્યાજ વસૂલ કર્યું હતું જે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા અધિકૃત હતું; (એફ) ગમે તે સંજોગોમાં, વ્યાજના દરમાં વધારો બહુ મહત્ત્વનો ન હોવાથી, ડી મિનિમિસનો સિદ્ધાંત લાગુ કરવો

જોઈએ; (જી) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા માત્ર લઘુત્તમ દર નક્કી કરતી હોવાથી અને અપીલકર્તાઓએ લોન કરારોની શરતો મુજબ જેના તેઓ હકદાર હતા તેવા માત્ર ઊંચા દરે વ્યાજ વસૂલ કર્યું હોવાથી, તેને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૬૫ ના અર્થ હેઠળ કરની વસૂલાત સાથે કોઈ સંબંધ નહોતો અને તેથી, અપીલકર્તાઓએ વધારાનો કર વસૂલ કર્યો છે તેવો હાઇકોર્ટનો તારણ કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાવો જોઈએ; – (એચ) આ બાબતના કોઈપણ દ્રષ્ટિકોણથી, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા પરિપત્ર પત્રના અનુસંધાનમાં ધિરાણ લેનારાઓને નોટિસ આપવામાં આવી હોવાથી અને લોન કરારની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાથી, કોઈ રિટ અરજી ચલાવવાપાત્ર નહોતી;

(આઇ) રિટ અરજદાર તરફથી રિટ અરજીમાં અતિશય વિલંબ અને વિલંબદોષ થયેલ હોવાથી, તેને ધ્યાને લેવી જોઈતી નહોતી.

ઉપરોક્ત દલીલોના સમર્થનમાં ધન્યલક્ષ્મી રાઇસ મિલ્સ અને અન્ય વગેરે વિરુદ્ધ ધ કમિશનર ઓફ સિવિલ સપ્લાઇઝ અને અન્ય વગેરે, [૧૯૭૬] ૪ ૭૨૩; બી.ઓ.આઇ. ફાઇનાન્સ લિમિટેડ વિરુદ્ધ કસ્ટોડિયન

અને અન્ય, [૧૯૯૭] ૧૦ એસસીસી ૪૮૮ તથા સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા વિરુદ્ધ રવિન્દ્ર અને અન્ય, [૨૦૦૨] ૧ એસસીસી ૩૬૭ ના કેસ પર આધાર રાખવામાં આવ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ

ધારાશાસ્ત્રી શ્રી કે. એન. ભટે એવી રજૂઆત કરી હતી કે તેમના અસીલે બેંકો દ્વારા અનુભવાતી વ્યવહારુ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વ્યાજનું રાઉન્ડિંગ અપ કરવાની પરવાનગી આપી હતી; પરંતુ તે જોગવાઈને

ત્યારબાદ વર્ષ ૧૯૯૭ માં પાછી ખેંચી લેવામાં આવી છે. સમગ્ર ભારતમાં પાંચ કરોડ જેટલા ધિરાણ લેનારાઓ હોવાની હકીકતને ધ્યાને લેતા, હાઇકોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરવું વ્યવહારુ રીતે શક્ય ન પણ હોય.

ભારત સરકાર વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી એલ. નાગેશ્વર રાવે, જોકે, એ બાબત તરફ ધ્યાન દોર્યું હતું કે બેંકો દ્વારા ધિરાણ લેનારાઓ પાસેથી વસૂલ કરવામાં આવતો કુલ વ્યાજ દર ત્રણ ઘટકોનો બનેલો હતો, એટલે કે, (એ) વ્યાજનો દર; (બી) વ્યાજના દર પર વ્યાજ વેરો; અને (સી) વ્યાજના દરને ઉચ્ચતર ૨૫ પૈસા સુધી રાઉન્ડ અપ કરવાનું ઘટક; અપીલકર્તાઓએ તેઓ દ્વારા વસૂલ કરાયેલા કુલ વ્યાજ પર એટલે કે રાઉન્ડ ઓફ કરાયેલા કર સહિત વ્યાજના દર પર સરકારને માત્ર વ્યાજ વેરો ચૂકવ્યો હતો એટલું જ નહીં (જે અધિનિયમ હેઠળના કરની રકમ કરતાં વધુ હોત), પરંતુ તેનો કેટલોક હિસ્સો પોતાની પાસે પણ રાખી લીધો હતો. હાઇકોર્ટના ચુકાદાનું સમર્થન કરતાં, શ્રી નાગેશ્વર રાવે એવી દલીલ કરી હતી કે આ રકમ આખરી ધિરાણ લેનારાઓની હોવાથી, જ્યાં શક્ય હોય ત્યાં તે તેમને પરત કરવી જોઈએ, પરંતુ જો તેમ કરવું શક્ય ન હોય તો તે સરકારને ચૂકવી દેવી જોઈએ. સામાવાળા નં. ૧, રિટ અરજદાર ઉપસ્થિત ન થતાં, અમે અદાલતને

સહાય કરવા માટે વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી ટી. એલ. વિશ્વનાથ અય્યરને વિનંતી કરી હતી. વિદ્વાન ધારાશાસ્ત્રી (એમિકસ ક્યુરી) એ એવી દલીલ કરી હતી કે અપીલકર્તાઓએ કલમ ૨૬સી નું ખોટું અર્થઘટન કર્યું છે અને તેથી, તેઓએ ભ્રમણા હેઠળ કામ કર્યું છે. શ્રી અય્યરે એવી રજૂઆત કરી હતી કે અધિનિયમની કલમ ૨૬સી નું જો યોગ્ય રીતે વાંચન કરવામાં આવે, તો તેનો માત્ર એટલો જ અર્થ થાય કે અપીલકર્તા–બેંકોને અધિનિયમ હેઠળ ધિરાણ લેનારાઓ પાસેથી કરની રકમ વસૂલ કરવા માટે સક્ષમ બનાવી શકાય તે માટે સક્ષમ બનાવતી જોગવાઈઓ કરવામાં આવી હતી અને તેનાથી વિશેષ કશું નહીં.

વૈધાનિક જોગવાઈઓ :

વ્યાજ વેરા અધિનિયમ, ૧૯૭૪ ની સંબંધિત જોગવાઈઓ નીચે મુજબ વંચાય છે :

"૨(૫) "કરપાત્ર વ્યાજ" એટલે કલમ ૬ માં ઠરાવેલ રીતે ગણતરી કરવામાં આવેલ, કલમ ૫ માં ઉલ્લેખિત વ્યાજની કુલ રકમ;

૨(૭) "વ્યાજ" એટલે ભારતમાં આપવામાં આવેલ લોન અને ધિરાણ પરનું વ્યાજ અને તેમાં સમાવેશ થાય છે – (એ) ભારતમાં ઉપયોગમાં લેવા માટે મંજૂર કરાયેલ કોઈપણ ધિરાણના વણવપરાયેલા ભાગ પરના કમિટમેન્ટ ચાર્જીસ; અને (બી) ભારતમાં લખવામાં આવેલી કે તૈયાર કરવામાં આવેલી વચનચિઠ્ઠીઓ અને વિનિમય પત્રો પરનો વટાવ, પરંતુ તેમાં સમાવેશ થતો નથી – (૧) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, ૧૯૩૪ (૧૯૩૪ નો ૨) ની

કલમ ૪૨ ની પેટા–કલમ (૧બી) માં ઉલ્લેખિત વ્યાજ; (૨) ટ્રેઝરી બિલો પરનો વટાવ;

"કર લાદવો. ૪(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, ૧ લી એપ્રિલ, ૧૯૭૫ ના રોજ અથવા તે પછી શરૂ થતા દરેક આકારણી વર્ષ માટે દરેક અનુસૂચિત બેંક પર, આ અધિનિયમમાં વ્યાજ વેરા તરીકે ઓળખાતો કર, તેના પાછલા વર્ષના કરપાત્ર વ્યાજના સંબંધમાં તેવા કરપાત્ર વ્યાજના સાત ટકાના દરે લાદવામાં આવશે: પરંતુ શરત એ છે કે ૩૧ મી માર્ચ, ૧૯૮૩ પછી ઉપાર્જિત થતા અથવા ઉદ્ભવતા કોઈપણ કરપાત્ર વ્યાજના સંબંધમાં જે દરે વ્યાજ વેરો લાદવામાં આવશે તે તેવા કરપાત્ર વ્યાજના સાડા ત્રણ ટકા રહેશે.

(૨) પેટા–કલમ (૧) માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, પરંતુ આ અધિનિયમની અન્ય જોગવાઈઓને આધીન રહીને, ૧ લી એપ્રિલ, ૧૯૯૨ ના રોજથી શરૂ થતા દરેક આકારણી વર્ષ માટે દરેક ધિરાણ સંસ્થા પર, તેના પાછલા વર્ષના કરપાત્ર વ્યાજના સંબંધમાં તેવા કરપાત્ર વ્યાજના ત્રણ ટકાના દરે વ્યાજ વેરો લાદવામાં આવશે :

પરંતુ શરત એ છે કે ૩૧ મી માર્ચ, ૧૯૯૭ પછી ઉપાર્જિત થતા અથવા ઉદ્ભવતા કોઈપણ કરપાત્ર વ્યાજના સંબંધમાં જે દરે વ્યાજ વેરો લાદવામાં આવશે તે તેવા કરપાત્ર વ્યાજના બે ટકા રહેશે.

કરપાત્ર વ્યાજનો વ્યાપ. ૫. આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ ધિરાણ સંસ્થાના કોઈપણ પાછલા વર્ષનું કરપાત્ર વ્યાજ એ તે

પાછલા વર્ષમાં તે ધિરાણ સંસ્થાને ઉપાર્જિત થતા અથવા ઉદ્ભવતા વ્યાજની (અન્ય ધિરાણ સંસ્થાઓને અથવા બેંકિંગનો વ્યવસાય કરતી કોઈપણ સહકારી મંડળીને આપવામાં આવેલી લોન અને ધિરાણ પરના વ્યાજ સિવાયની) કુલ રકમ રહેશે :

પરંતુ શરત એ છે કે આવકવેરા અધિનિયમની કલમ ૪૩ડી માં ઉલ્લેખિત ઘાલખાધ અથવા શંકાસ્પદ દેવાની શ્રેણીઓના સંબંધમાં કોઈપણ વ્યાજ, ધિરાણ સંસ્થા દ્વારા તે વર્ષ માટે તેના નફા–નુકસાન ખાતામાં જમા કરવામાં આવ્યું હોય તે પાછલા વર્ષમાં અથવા કેસની પરિસ્થિતિ અનુસાર, તે ધિરાણ સંસ્થા દ્વારા વાસ્તવિક રીતે પ્રાપ્ત થયું હોય તે પાછલા વર્ષમાં, તે બેમાંથી જે વહેલું હોય તેમાં ધિરાણ સંસ્થાને ઉપાર્જિત થયેલું અથવા ઉદ્ભવેલું ગણાશે.

કરપાત્ર વ્યાજની ગણતરી.

૬(૧) પેટા–કલમ (૨) ની જોગવાઈઓને આધીન રહીને, પાછલા વર્ષના કરપાત્ર વ્યાજની ગણતરી કરતી વખતે, પાછલા વર્ષમાં કરદાતાને ઉપાર્જિત થતા અથવા ઉદ્ભવતા વ્યાજની (ધિરાણ સંસ્થાને આપવામાં આવેલી લોન અને ધિરાણ પરના વ્યાજ સિવાયની) કુલ રકમમાંથી, પાછલા વર્ષ દરમિયાન ઘાલખાધ (ડૂબત દેવું) બની ગયેલ હોવાનું સાબિત થયું હોય તેવા વ્યાજની રકમ પેટે કપાત માન્ય રાખવામાં આવશે :

પરંતુ શરત એ છે કે તેવું વ્યાજ અગાઉના પાછલા વર્ષના કરદાતાના કરપાત્ર વ્યાજની ગણતરી કરતી વખતે ધ્યાને લેવામાં આવ્યું હોય અને તે વ્યાજ

ડૂબત દેવું બની ગયું હોવાનું સાબિત થયું હોય તે પાછલા વર્ષ માટેના કરદાતાના હિસાબોમાં તે રકમ વસૂલ ન થઈ શકે તેવી તરીકે માંડી વાળવામાં આવી હોય. સ્પષ્ટતા – શંકાઓ દૂર કરવા માટે, આથી જાહેર કરવામાં આવે છે કે પાછલા વર્ષના કરપાત્ર વ્યાજની ગણતરી કરતી વખતે, કરદાતાને ઉપાર્જિત થતા અથવા ઉદ્‌ભવતા વ્યાજની કુલ રકમમાંથી આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કપાત સિવાય અન્ય કોઈ કપાત માન્ય રાખવામાં આવશે નહીં.

(૨) પાછલા વર્ષના કરપાત્ર વ્યાજની ગણતરી કરતી વખતે, ૧ લી માર્ચ, ૧૯૭૮ પહેલાં ઉપાર્જિત થતી અથવા ઉદ્‌ભવતી અને ૩૦ મી જૂન, ૧૯૮૦ ના રોજ સમાપ્ત થતી, અથવા ૧ લી એપ્રિલ, ૧૯૮૫ ના રોજ શરૂ થઈને ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ સમાપ્ત થતા સમયગાળા દરમિયાન કરદાતાને ઉપાર્જિત થતી અથવા ઉદ્‌ભવતી વ્યાજની રકમ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

અમુક કરારોમાં ફેરફાર કરવાની ધિરાણ સંસ્થાઓની સત્તા.

૨૬સી. જે કરાર હેઠળ ધિરાણ સંસ્થા દ્વારા ૧ લી ઓક્ટોબર, ૧૯૯૧ પહેલાં કોઈપણ મુદતી લોન મંજૂર કરવામાં આવી હોય તેવા કોઈપણ કરારમાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, ધિરાણ સંસ્થાને મળવાપાત્ર મુદતી લોન પરના વ્યાજની રકમના સંબંધમાં આ અધિનિયમ હેઠળ આવી સંસ્થા જેટલી હદ સુધી વ્યાજ વેરો ચૂકવવા જવાબદાર હોય તેટલી હદ સુધી તેમાં ઠરાવેલા વ્યાજના દરમાં વધારો કરવા માટે તે કરારમાં ફેરફાર કરવો ધિરાણ સંસ્થા માટે કાયદેસર રહેશે.

સ્પષ્ટતા.– આ કલમના હેતુઓ માટે, "મુદતી લોન" એટલે એવી લોન કે જે માંગણી પર પરત ચૂકવવાપાત્ર નથી."

બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ ની સંબંધિત જોગવાઈઓ નીચે મુજબ છે: –

"૩૫એ. નિર્દેશો આપવાની રિઝર્વ બેંકની સત્તા.– (૧) જ્યાં રિઝર્વ બેંકને એવી ખાતરી થાય કે –

(એ) જાહેર હિતમાં; અથવા

(એએ) બેંકિંગ નીતિના હિતમાં; અથવા

(બી) કોઈપણ બેંકિંગ કંપનીનો વહીવટ થાપણદારોના હિતોને નુકસાનકારક હોય તેવી રીતે અથવા બેંકિંગ કંપનીના હિતોને પ્રતિકૂળ અસર કરે તેવી રીતે ચલાવવામાં આવતો અટકાવવા માટે; અથવા

(સી) સામાન્ય રીતે કોઈપણ બેંકિંગ કંપનીનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે;

સામાન્ય રીતે બેંકિંગ કંપનીઓને અથવા કોઈ ચોક્કસ બેંકિંગ કંપનીને નિર્દેશો આપવા જરૂરી છે, તો તે વખતોવખત તેને યોગ્ય જણાય તેવા નિર્દેશો આપી શકે છે, અને કેસની પરિસ્થિતિ મુજબ આવી બેંકિંગ કંપનીઓ અથવા બેંકિંગ કંપની આવા નિર્દેશોનું પાલન કરવા બંધાયેલી રહેશે.

(૨) રિઝર્વ બેંક, તેની સમક્ષ કરવામાં આવેલી રજૂઆત પર અથવા પોતાની મેળે, પેટા–કલમ (૧) હેઠળ જારી કરાયેલ કોઈપણ નિર્દેશમાં ફેરફાર કરી શકે છે અથવા તેને રદ કરી શકે છે, અને કોઈપણ નિર્દેશમાં આ રીતે ફેરફાર કરતી વખતે અથવા તેને રદ કરતી વખતે તે યોગ્ય લાગે તેવી શરતો લાદી શકે છે, જેને આધીન રહીને આવા ફેરફાર અથવા રદ્દીકરણનો અમલ થશે.

વિદેશી હૂંડિયામણ નિયમન અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૨૦(૩) હેઠળ રિઝર્વ બેંક અમુક ખાતાઓ સ્થગિત કરવા અંગે બેંકરોને નિર્દેશ આપવા માટે હકદાર છે. કલમ ૨૦(૩) હેઠળ આવી કાર્યવાહી કરતા પહેલાં પૂર્વ નોટિસ આપવાનું તે કલમમાં અભિપ્રેત નથી. મોહમ્મદ આયેશા નાચિયાર વિરુદ્ધ ડેપ્યુટી ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ, (૧૯૭૬) ૪૬ કોમ કેસ ૬૫૩ (મદ્રાસ).

. રિઝર્વ બેંકના નિર્દેશો કરારની શરતો મુજબ વધુ બોનસની ચુકવણીને અટકાવી શકતા નથી. અમેરિકન એક્સપ્રેસ ઇન્ટરનેશનલ બેંકિંગ કોર્પોરેશન વિરુદ્ધ એસ. સુંદરમ, (૧૯૭૮) ૧ એસસીસી ૧૦૧ : ૧૯૭૮ એસસીસી (એલ એન્ડ એસ) ૩૪."

અધિનિયમની કલમ ૨૬સી :

સંસદે સદરહુ અધિનિયમના આધારે બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ પર કર લાદ્યો હતો. સદરહુ અધિનિયમને કારણે, અપીલકર્તાઓ તેનો બોજ ધિરાણ લેનારાઓ પર નાખવા અથવા ભારત સંઘ વતી તેની વસૂલાત કરવા માટે કાયદાકીય રીતે સત્તાપ્રાપ્ત હતા. સ્વીકૃતપણે, મુદતી લોનના કરારની શરતો

અનુસાર, અપીલકર્તાઓ સંમત થયેલા દર કરતાં ઊંચા દરે વ્યાજ વસૂલવા હકદાર ન હતા. તેથી, બેંકરો કરપાત્ર વ્યાજ પર જે કર ચૂકવવા માટે જવાબદાર હતા તે કરની રકમ વસૂલ કરી શકે તે સક્ષમ બનાવવા માટે કલમ ૨૬સી ઘડવામાં આવી હતી. અપીલકર્તાઓ એ આધારે આગળ વધ્યા છે કે અધિનિયમની કલમ ૨(૫) માં સમાવિષ્ટ 'કરપાત્ર વ્યાજ' ની વ્યાખ્યાને ધ્યાનમાં લેતાં, સદરહુ હેતુ માટે વધારાના વ્યાજની પણ ગણતરી કરવી પડશે અને તેના પર કરના દરની ગણતરી કરવી પડશે, જેના પરિણામે, જેમ આગળ નોંધવામાં આવ્યું છે તેમ, કરની ગણતરીના હેતુ માટે અનંતકાળ સુધી વ્યાજનો ઉમેરો થતો રહ્યો.

સંસદે આ બાબત પર કેવો વિચાર કર્યો હતો તે પ્રશ્ન છે. ભારત સંઘ અપીલકર્તાઓની દલીલો સાથે સંમત નથી, અને અમે પણ સંમત નથી. અપીલકર્તાઓ તરફથી કરવામાં આવેલી કાર્યવાહી દર્શાવે છે કે તેઓએ ઘોડા આગળ ગાડી જોડી દીધી હતી. કલમ ૨૬સી નો આશરો લેવાની કાર્યવાહી ત્યારે જ ઉપસ્થિત થાય જ્યારે કરપાત્ર વ્યાજની ગણતરી કરી લેવામાં આવી હોય, ત્યારબાદ જ સદરહુ અધિનિયમ હેઠળના કરનો બોજ વધારાના વ્યાજ સ્વરૂપે ધિરાણ લેનારાઓ પર નાખવો જરૂરી બને છે. અપીલકર્તાઓનો સમગ્ર અભિગમ ખોટી ધારણા પર આધારિત હતો. સદરહુ અધિનિયમ એક કરવેરા કાનૂન છે. સદરહુ અધિનિયમ હેઠળ ભારત સંઘ બેંકરો અથવા નાણાકીય સંસ્થાઓને વ્યાજ વધારવાનો નિર્દેશ આપી શકે નહીં કે પરવાનગી આપી શકે નહીં. આથી, આ અધિનિયમ જે આશય અને ઉદ્દેશ્ય હાંસલ કરવા માંગે છે તેને પરિપૂર્ણ કરવા માટે

તેનું હેતુલક્ષી અર્થઘટન થવું જોઈએ. [જુઓ બીબીસી એન્ટરપ્રાઇઝિસ વિરુદ્ધ હાઇ-ટેક એક્સ્ટ્રાવિઝન લિમિટેડ, [૧૯૯૦] ૨ ઓલ ઈઆર ૧૧૮, પાના ૧૨૨-૧૨૩ પર; મોહન કુમાર સિંઘાનિયા અને અન્ય વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, એઆઈઆર (૧૯૯૨) એસસી ૧; મુરલીધર મેઘરાજ લોયા વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, [૧૯૭૬] ૩ એસસીસી ૬૮૪; સુપરિન્ટેન્ડેન્ટ એન્ડ રિમેમ્બ્રન્સર ઓફ લીગલ અફેર્સ ટુ ગવર્નમેન્ટ ઓફ વેસ્ટ બેંગાલ વિરુદ્ધ અબાની મૈતી, [૧૯૭૯] ૪ એસસીસી ૮૫; ખેત સિંહ વિરુદ્ધ ભારત સંઘ, [૨૦૦૨] ૪ એસસીસી ૩૮૦ અને હાઇકોર્ટ ઓફ ગુજરાત અને અન્ય વિરુદ્ધ ગુજરાત કિસાન મજદૂર પંચાયત અને અન્ય, જેટી (૨૦૦૩) ૩ એસસી ૫૦; ઇન્ડિયન હેન્ડીક્રાફ્ટસ એમ્પોરિયમ અને અન્ય વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, જેટી (૨૦૦૩) ૭ એસસી ૪૪૬; અશોક લેલેન્ડ લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી.એન. અને અન્ય, [૨૦૦૪] ૩ એસસીસી ૧ અને હાઇકોર્ટ ઓફ ગુજરાત અને અન્ય વિરુદ્ધ ગુજરાત કિસાન મજદૂર પંચાયત અને અન્ય, જેટી (૨૦૦૩) ૩ એસસી ૫૦.]

